Extra No. 264

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, JULY 17, 2025 / ASHADHA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૮મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએચવાય/૧૫/એચએફડબલ્યુડી/સીએઆર/ઇ-ફાઇલ/૭/૨૦૨૪/૧૭૯૫/ઝેડ (એફડીસીએ).નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Senior Drugs Inspector, Class II, under the Commissionerate of Food and Drugs Control Administration, Recruitment Rules, 2025

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની કચેરી હેઠળ સિનિયર ઔષધ નિરીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચવાય/૧૫/એચએફડબલ્યુડી/સીએઆર/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૧૭૯૫/ઝેડ (એફડીસીએ):- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઔષધ સેવામાં, સિનિયર ઔષધ નિરીક્ષક, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની કચેરી હેઠળ સિનિયર ઔષધ નિરીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઔષધ સેવામાં, સિનિયર ઔષધ નિરીક્ષક, વર્ગ ૨-ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઔષધ સેવામાં, ઔષધ નિરીક્ષક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, ''સારા''-નો આધાર-ચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી નિમણૂક અનુક્રમે ૩:૧-ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ-૨-ના પેટા-નિયમ (ખ)માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ફાર્મસી અથવા ફાર્માસ્યુટિકલ સાયન્સ અથવા ક્લિનિકલ ફાર્માકોલોજી -માં વિશેષજ્ઞતા સાથે મેડિસિન અથવા માઇક્રોબાયોલોજિમાં સ્નાતકની અથવા ફાર્મ. ડી (ડોક્ટર ઓફ ફાર્મસી)ની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(ગ) (૧) ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ ઔષધ અને સૌંદર્ય પ્રસાધન અધિનિયમ, ૧૯૪૦ અને ઔષધ અને સૌંદર્ય પ્રસાધન નિયમો, ૧૯૪૫-ની જોગવાઇઓની અમલવારીના ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) સરકારમાં/ સરકારી અન્ડરટેકિંગ/ બોર્ડ/ કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં ઊત્પાદન અથવા ગુણવત્તા નિયંત્રણ (ક્વોલિટી કન્ટ્રોલ) અથવા ફાર્માસ્યુટિકલ સંસ્થાના સંશોધન અને વિકાસ વિભાગમાં અથવા ફાર્માસ્યુટિકલ ટેક્નોલોજીને લગતા ક્ષેત્રમાં અથવા લાઈસન્સ આપનાર સત્તાધિકારીએ, આ હેતુ માટે મંજૂર કરેલી પ્રયોગશાળામાં, ઔષધ અને સૌંદર્ય પ્રસાધન નિયમો, ૧૯૪૫માં નિર્દિષ્ટ કરેલા પદાર્થો પૈકીના ઓછામાં ઓછા એક (પદાર્થ)નું ઊત્પાદન અથવા પરીક્ષણ કરવાના ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે;

સ્પષ્ટીકરણ: ઉમેદવારે, એનેક્ષરમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ફોર્મેટમાં અનુભવને લગતું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર

{જુઓ નિયમ ૪(ગ)(૨)}

અનુભવ અંગેનું પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે

૧. શ્રી/ શ્રીમતી/ ડોક્ટર .....

(અટક) (નામ)

.....,

(પિતાનું/ પતિનું નામ)

આ સંસ્થાના ..... વિભાગમાં ..... તરીકે ..... થી..... સુધી કામ કરે છે/ કામ કરતા હતા.

૨. વધુમાં, પ્રમાણિત કરવામાં આવે છે કે તેઓ/તેણી ઉત્પાદન વિભાગ અથવા ગુણવત્તા નિયંત્રણ (ક્વોલિટી કન્ટ્રોલ) વિભાગ અથવા ઔષધ અને સૌંદર્ય પ્રસાધન નિયમો, ૧૯૪૫ પ્રમાણેના ઔષધ-નિર્માણ (ફાર્માસ્યુટિકલ) ઉત્પાદનોના સંશોધન અને વિકાસમાં ઔષધ અને સૌંદર્ય પ્રસાધન નિયમો, ૧૯૪૫-ની અનુસૂચિ .....માં નિર્દિષ્ટ કરેલ પદાર્થના ઉત્પાદન અથવા પરીક્ષણમાં .....વર્ષ અને ..... મહિનાનો અનુભવ ધરાવે છે.

સહી:-

નામ:-

હોદ્દો:-

(કંપનીનું સીલ)

કંપનીનું નામ અને સરનામું:-

તારીખ:-

નોંધ: સક્ષમ સત્તાધિકારી તરીકે જાહેર કરવામાં આવ્યા હોય તેવા, કંપની અથવા સંસ્થાના વહીવટી સંચાલક (મેનેજિંગ ડિરેક્ટર), સંચાલક (ડિરેક્ટર) અથવા વ્યવસ્થાપક (મેનેજર)-એ જ પ્રમાણપત્ર પર સહી કરેલી હોવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.19 15:38:30 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar